SGCCI

# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2025-26/267 Dt. 25/12/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરના લેડીઝ વીંગની ડી. ખુશાલભાઈ જ્વેલર્સ ખાતે ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના લેડીઝ વીંગ દ્વારા બુધવાર, તા. ૨૪ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સુરતમાં જાણીતા અને પ્રતિષ્ઠિત ડી. ખુશાલભાઈ જ્વેલર્સ ખાતે એક માહિતીપ્રદ ઇન્ડસ્ટ્રીયલ વિઝીટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ દરમિયાન લેડીઝ વીંગના ચેરપર્સન શ્રીમતી મયુરીબેન મેવાવાલા, વાઇસ ચેરપર્સન શ્રીમતી અલ્પાબેન મદ્રાસી, એડવાઇઝર શ્રીમતી રેશ્માબેન માંડલેવાલા સહિત મહિલા સભ્યોએ જ્વેલરીની ડિઝાઇન પ્રક્રિયા, જ્વેલરીની શુદ્ધતા, હોલમાર્કિંગ, ગુણવત્તા નિયંત્રણ તથા ગ્રાહક વિશ્વાસ જેવા વિષયો પર વિસ્તૃત અને પ્રાયોગિક જાણકારી મેળવી હતી.

ડી. ખુશાલભાઈ જ્વેલર્સના શ્રી દિપક ચોકસીએ લેડીઝ વીંગની મહિલાઓને પરંપરાગત અને આધુનિક જ્વેલરી ડિઝાઇન, સોના–ચાંદી અને હીરાના દાગીનાની બનાવટ અને બદલાતી બજાર પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, લેડીઝ વીંગની મહિલા સભ્યોની આવી ઇન્ડસ્ટ્રીયલ વિઝીટથી વ્યવસાયિક સમજ વધે છે તેમજ ઉદ્યોગ સાથે સીધો સંપર્ક સ્થાપિત થાય છે. ચેમ્બર ઓફ કોમર્સના લેડીઝ વીંગ દ્વારા આયોજિત આ વિઝીટ મહિલા સભ્યો માટે શિક્ષણ, અનુભવ અને નેટવર્કિંગની દૃષ્ટિએ ખૂબ ઉપયોગી સાબિત થઈ હતી.